અપીલ અરજી નં.૨૪૪ તા.૪–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હેમંત એન.દેસાઈ
સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.૨૪–૮–૦૯ ની અરજીથી સુ.મ.પા.ના રહેઠાણ વિસ્તારમાં કયા કયા પ્રકારના ઉદ્યોગ ચલાવી શકાય અને કાયદેસર કેટલા અને ગેરકાયદેસર કેટલા ઉદ્યોગ ચાલે અને જે ઉદ્યોગ સુ.મ.પા.ની જવાબદારીમાં આવતા નથી. જે ઉદ્યોગ ચાલુ છે તે બંધ કરવાની જવાબદારી સુ.મ.પા.ની આવે છે હા યા ના માં માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૪–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૪૪/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન.દેસાઈની તા.૨૪–૮–૦૯ ની અરજીથી સુ.મ.પા.ના રહેઠાણ વિસ્તારમાં કયા કયા પ્રકારના ઉદ્યોગ ચલાવી શકાય અને કાયદેસર કેટલા અને ગેરકાયદેસર કેટલા ઉદ્યોગ ચાલે અને જે ઉદ્યોગ સુ.મ.પા.ની જવાબદારી આવતા નથી. જે ઉદ્યોગ ચાલુ છે તે બંધ કરવાની જવાબદારી સુ.મ.પા.ની આવે છે હા યા ના માં માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલઝોનના પત્ર નં. સે.ઝોન/આ. ૮૬૬ તા.૨૫–૯–૦૯ થી આપેલ માહિતી સાચી નથી તેમજ સંતોષકારક ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૭૩ તા.૧૧–૧૧–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)તથા અરજદારને અપીલ અરજી દિન–૧૧ ના વિલંબથી કરવાના કારણો અને વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧૭–૧૧–૦૯ ના પત્રથી અપીલ અરજીના વિલંબ અંગે તા.૧૬–૧૦–૦૯ થી દિવાળીના તહેવાર શરૂ થતાં હોય નવા વર્ષના દિવસ બાદ બહારગામ ફરવા ગયા હતાં ત્યાંથી તા.૩–૧૧–૦૯ ના રોજ પરત ફરેલ અને તા.૪–૧૧–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે એવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી નં.સ ે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૩૮ તા.૨૪–૧૧–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારને પાઠવેલ માહિતી પત્ર નં.સ ે.ઝોન/આરટીઆઈ/૮૬૬ તા.૨૫–૯–૦૯ ના પત્રની નકલ તથા રેસીડન્ટઝોન યુઝ ઝોન ટેબલની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૪–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી સુ.મ.પા.ના રહેઠાણ વિસ્તારમાં કયા કયા પ્રકારના ઉદ્યોગ ચલાવી શકાય અને કાયદેસર કેટલા અને ગેરકાયદેસર કેટલા ઉદ્યોગ ચાલે અને જે ઉદ્યોગ સુ.મ.પા.ની જવાબદારીમાં આવતા નથી. જે ઉદ્યોગ ચાલુ છે તે બંધ કરવાની જવાબદારી સુ.મ.પા.ની આવે છે હા યા ના માં માહિતી આપવા બાબતે અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી " આરોગ્ય વિભાગની માહિતી બાબતે અત્રેના રેકર્ડ તપાસતાં માહિતી ઉલપબ્ધ ન હોય આપી શકાય તેમ નથી. પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ અધિનિયમ જે તા.૧૫–૭–૦૪ થી અમલમાં છે તેના ઝોનીંગ અને યુઝ પ્રોવીઝનના યુઝ ઝોન ટેબલ ની નકલ આ સાથે સામેલ છે. જે મુજબના ઉદ્યોગોનો વપરાશ દર્શાવતી વિકાસ પરવાનગી આપી શકાય. તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને સે.ઝોન/આંન.૮૬૬ તા.૨૫–૯–૦૯ થી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે તા.૪–૧૧–૦૯ ના રોજ આપવામાં આવેલી માહિતી સાચી અને સંતોષકારક નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. મુદ્દા ન. ૨. મે જે માહિતી માંગેલ જેમાં પૂછેલ કે સુમપાના રહેઠાણવાળા વિસ્તારમાં કયા કયા પ્રકારના ઉદ્યોગ ચલાવી શકાય તે બાબતે જે માહિતી આપેલ તેમાં મને યુઝ ટેબલઝોનની કોપી ફાળવેલ છે પરંતુ આ કોપી સહી સિકકા વગરની ફાળવેલ છે તેમજ કયા કયા ઉદ્યોગો ચલાવી શકાય તેની લેખિત જાણકારી આપવામાં આવેલ નથી શા માટે. મુદ્દા નં .૩ રહેઠાણવાળા વિસ્તારમાં કયા કયા ઉદ્યોગો ચલાવી શકાય જેમાં કાયદેસર ઉદ્યોગ કેટલા ચાલે છે અને ગેરકાયદેસર ઉદ્યોગો ચાલે છે તની કોઈ માહિતી આપવામાં આવેલ નથી શા માટે? જે ઉદ્યોગો સુમપાની જવાબદારીમાં આવતા નથી અને એ ઉદ્યોગો ચાલે છે તે બંધ કરવાની જવાબદારી શું મહાનગરપાલિકાની આવે છે કે નહી તે બાબતની કોઈ માહિતી આપવામાં આવેલ નથી શા માટે. મુદ્દા નં.૫ સુમપાના રહેઠાણવાળા વિસ્તારમાં કયા કયા પ્રકારના ઉદ્યોગો ચલાવી શકાય તે ઉદ્યોગોના નામ પણ આપવામાં આવેલ નથી. તેમજ ગેરકાયદેસર ચાલતાં ઉદ્યોગોનું નામ પણ આપવામાં આવેલ નથી. તેવી રજુઆત અપીલ તબકકે કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ રેકર્ડ તપાસતાં માહિતી ઉપલબ્ધ ન હોય તેવું તે અંગે જણાવેલ છે. પરંતુ રહેઠાણ વિસ્તારના ઉદ્યોગો અંગે ઝોન ટેબલ પૂરું પાડેલ છે . જાહેર માહિતી અધિકારી એ આપેલ માહિતી જોતાં અરજદારે કયા પ્રકારના ઉદ્યોગની માહિતી માંગેલ અને પૂરી પાડેલ યુઝ ઝોન ટેબલમાં તેનો સમાવેશ થયેલ જણાય છે. તેથી તે અંગે તકરારનેસ્થાન નથી. જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉપલબ્ધ માહિતી કલમ ૨ (એફ) અને (જે) હેઠળ આપવાની રહે છે. જે નથી તે અં ગે તેમણે તેમ જણાવેલ છે. જેથી તે બાબતે અરજદારનો વિવાદ યોગ્ય નથી. ત્રીજા ભાગમાં જે ઉદ્યોગો" સુરત મહાનગરપાલિકાની જવાબદારીમાં નથી તે બંધ કરવાની જવાબદારી અંગે અરજદાર શું માહિતી માંગે છે તે સ્પષ્ટ થતુ જણાતુ નથી. તેમને તક આપવા છતાં સ્પષ્ટતા કરવામાં સફળ રહેલ નથી. અરજદારે વિલંબિત કરેલ અપીલ અંગે તેમણે કલમ ૧૯(૧) હેઠળની તા.૨૪–૧૦–૦૯ સુધીમાં અપીલ કરવાની રહે તેથી તા.૧ ૬–૧૦–૦૯ પછી દિવાળીના તહેવાર અંગેનું વિલંબનું કારણ ગ્રાહય રાખવા પાત્ર બનતું નથી.

***<u>હુકમ</u>***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પડાયેલ હોય તથા વિલંબિત અપીલ ધ્યાને લઈ કલમ ૧૯(૧) હેઠળ અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

આરટીઆઈસેલ/
તારીખઃ –૧૨ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન અધિકારી અને જાહેર માહિતી અધિકારી ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન.દેસાઈ,